Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧ હૃદય—રંગ... ... | રા. વેલચંદ ધનજી ... ... ... | ૨૦૭ |
| ૨ શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર... | 'મનોનંદન' ... ... | ૨૦૮ |
| ૩ અમારી પૂર્વદેશની યાત્રા. | મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ... ... | ૨૧૧ |
| ૪ લિચ્છવી જાતિ... | શ્રીયુત ભીમજીભાઇ ( સુશીલ ) ... ... ... | ૨૧૪ |
| ૫ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયકદશા. | નરોતમ બી. શાહ ... | ૨૧૮ |
| ૬ સુવાસિત પુષ્પો... ... | વિઠલદાસ એમ. શાહ ... ... | ૨૨૨ |
| ૭ ગુરૂજીની ઉપાસના ... | ... રા. ચોકસી ... ... ... | ૨૨૭ |
| ૮ જયંતિનો બોધપાઠ ... | ... રા. ચોકસી ... ... ... | ૨૨૯ |
| ૯ સ્વીકાર-સમાલોચના ... | ... ... ... ... ... | ૨૩૨ |


## " નવું પ્રકટ થતું જૈન સાહિત્ય. "

૧ બૃહતકલ્પસૂત્ર—પ્રથમ ભાગ. ફોર્મ ૩૮ સવાત્રણશેંહ પાનામાં, એંકલેઝર ઉંચી જાતના પેપરો ઉપર. કિંમત ચાર રૂપીયા.

૨ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત—બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાના ( સુપરરોયલ આઠ પેજી સાઇઝ ) ક્રોક્ષલીલેઝર કિંમતી કાગળો ઉપર બંને ગ્રંથો મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઈંડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. આવતા માસમાં પ્રકટ થશે.

કૃપાળુ મુનિરાજો શ્રી ચતુરવિજયજી મહારાજ અને શ્રી પુણ્યવિજયજી મહારાજના સંશોધન વગેરે અથાગ પરિશ્રમના ફળરૂપે આવું ઉચ્ચ સાહિત્ય પ્રગટ થાય છે. વિશેષ પરિચય હવે પછી.

## આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

યુરોપીય વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી. હરબર્ટવોરને લખેલ (જૈનીઝમ) જૈનધર્મ જે કે વિદ્વતા પૂર્ણ છે, તેનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર કરાવી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ તરીકે આપવાનો છે. જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનન પૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે.

આત્માનંદ પ્રકાશના ગ્રાહકોએ લવાજમ પ્રથમથી મોકલી આપવાથી મોકલવાના ખર્ચનો બચાવ થશે. અને બીજીરીતે તે ગ્રંથ તૈયાર થયેથી દરવર્ષ મુજબ દરેક માનવંતા ગ્રાહકોને વી. પી. થી મોકલવામાં આવશે.

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु । कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य—सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. चैत्र. आत्म सं. ३८ { अंक ६ मो.

## હૃદય–રંગ.

હૃદયગત ભાવના જલ્દી, પ્રવાસ જ પૂર્ણ આ કરવા<br>
નડ્યું સહરાનું રણ વચ્ચે, થઇ ઢીલી ગતિ ફરવા. ૧<br>
રહ્યો બોજો અતિ ભારી, કરેલા કર્મનો માથે;<br>
સકલ એ છેદવા ઘટના, કરી નિજ આત્મ સંગાથે. ૨<br>
નિકાચિત જે ઉદય આવે, છૂટે ના ભોગવ્યા વિણ એ;<br>
કરી ઉ–દીરણા બીજા, ક્રમેથી એ ખરી જાએ. ૩<br>
નિમિત્ત છે તે ફરે કદિ ના, અતિ આશ્ચર્ય એમાં છે;<br>
સમજ સત્સંગ યોગેથી, જીવન સાફલ્ય તેમાં છે. ૪

( વે. ધ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાત્માશ્રી સિદ્ધર્ષિપ્રણીત ઉપમિતિ-ભવપ્રપંચાકથાનું સપદ્ય—ગદ્ય ભાષાંતર.

[ ગતાંક પૃષ્ઠ ૧૮૧ થી શરૂ ]

## રંકને ભિક્ષાર્થે આહ્વાનઃ ' મહાકલ્યાણક ' પરમાન્ન લઈ ' તદ્દયા ' નું આગમન.

સ્વાગતા વૃત્ત

ધર્મબોધકર સાદર શીઘ્ર,
તે ગયા પછી દરિદ્ર સમીપ;
" આવ ! આવ ! દઇએ તુજને રે ! "
એમ રંક પ્રતિ તેહ ભણે રે ! ૧૮૪

' સિદ્ધચક્ર પદ વંદો '—એ ઢાળ.

**દુર્દાન્ત બાલકોનું પલાયન—**

[૧૩]કદર્થના અરથે આવેલા,
જે રંક પાછળ લાગ્યા;
[૧૪]દુર્દાન્ત સુદારુણ તે ડિમ્ભો,[૧૫]
તેને ભાળીને ભાગ્યા... હો ! સુણજો !
દુર્દાન્ત ડિંભો ભાગ્યા. (૨) ૧૮૫

હારી જઇ પ્રયત્નથી તેને,
ભિક્ષાચરોચિત દેશે;
દીનને દાન દેવાને જનને,
ધર્મબોધકર આદેશે... હો. દુર્દાન્ત.
તદ્દયા પરમાન્ન લાવી. ૧૮૬

'તદ્દયા' નામે વરતે તેની,
પુત્રી અતિ અભિરામ;
સંભ્રમથી તે ઉઠી ત્યારે,
સાંભળીને તે વાણુ...હો તદ્દયા વેગે આવી,
આવી પરમાન્નને લાવી. ૧૮૭

૧૩ વિડંબના, હેરાનગતી. ૧૪ દાબવા મુશ્કેલ. ૧૫ પોરીઆઓ, બાળકો. ૧૬ પ્રદેશમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ણ ઓજસ[17] ને પુષ્ટિ વધારે,
રોગ સકલ હરનાર;
સુગંધી, સુરસ, સ્નિગ્ધ, સુરોને
પણ સુદુર્લભ, સાર...હો તદ્દયા, ૧૮૮

એવું 'મહાકલ્યાણક' નામે
મનોહર પરમાન્ન[18];
તે ત્યારે લઈ વેગથી આવી,
રંકતણે સન્નિધાન[19]...હો તદ્દયા૦ ૧૮૯
યુગ્મ)

## રંકની શંકાઓ-રૌદ્રધ્યાન-કાષ્ટવત્ નિશ્ચેતન સ્થિતિ.

અનુષ્ટુપ—

દોરાતાં રંક શંકાથી, આકુલ નિજ માનસે;
પરિચિંતવતો આમ, તુચ્છ વિચારને વશે. ૧૯૦

* વૈતાલિક—

" નર જેહ મને નિમંત્રીને,
અહિં ભિક્ષાર્થે સ્વયંજ દોરીને;
લઈ જાય જ,-એહ વાત રે !
ન મને સુંદર ભાસતી ખરે ! ૧૯૧

ઘટભાજન એહ માહરૂં,
નકી ભિક્ષાથકી પ્રાય છે ભર્યું;
(તેથી) મુજને [20]વિજને લઇ જશે;
પછી આ પુરુષ તે પડાવશે. ૧૯૨

**તેથી કરીને—**

[21]સહસાજ શું નાશી હું જાઉં ?
અથવા બેસી શું ખાઇ આ લઉં ?

---

૧૭ તેજસ્વીપણું. ૧૮ (i) ઉત્તમ અન્ન. (ii) દુધપાક. ૧૯ સમીપમાં. ૨૦ નિર્જન સ્થ નમાં. ૨૧ એકાએક. * ઉદાહરણો—'રચના રચનાર રે ! ધણી'—**દલપતરામ**

'विललाप स बाष्पगद्गदम्'-અજવિલાપ (કાળીદાસ)
'समयं गोयम मा पमायए '-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા ઝટ શું જઉં અહીં ?
'નથી ભિક્ષાતણું કામ' એ કહી." ૧૯૩

ઇતિઆદિ બહુ વિકલ્પથી,
ભય તે રંકતણો વધે અતિ;
ન જ તે વશ તેહ જાણતો
'ગત હું કયાં ? સ્થિતિ કયાં જ ધારતો ? ૧૯૪

દઢ મૂર્ચ્છનના જ કારણે,
ભરી 'સંરક્ષણ' [22]રૌદ્રધ્યાનને;
નિજ નેત્ર પછી મિંચી દીએ,
દીન નિષ્પુણ્યક નામધારી એ ! ૧૯૫

ક્ષણમાં સહુ ઇંદ્રિયોતણા,
સહુ વ્યાપાર વિરામ પામતાં;
પછી તે કંઇયે ન જાણતો,
દીન નિશ્ચેતન કાષ્ઠવત્ થતો !! ૧૯૬

અતિ આકુલ કન્યકા થતી,
'ગ્રહ રે ! તું ગ્રહ' એમ તે પ્રતિ;
વદી જેહ રહી ફરી ફરી,
ન જ તેને દીન ઓળખે જરી !!! ૧૯૭

'સઘળા પણ રોગ જે કરે,
ફરી તે તુચ્છ કદન્નના મળે;'
ઇતિઆદિક ધ્યાન ધ્યાવતો,
દીન નષ્ટાત્મ સુધા[23]ન જાણતો !!! ૧૯૮

(અપૂર્ણ)

मनोनंदन.

---

૨૨ સંરક્ષણ અર્થે થતું રૌદ્રધ્યાન. તે રૌદ્રધ્યાનનો એક પ્રકાર છે. ૨૩ અમૃત.

For Private And Personal Use Only

# અમારી પૂર્વદેશની યાત્રા.

### ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૮૪ થી શરૂ )

**રત્નપુરી**

ફૈજાબાદથી વિહાર કરી **રત્નપુરી** આવ્યા. ફૈજાબાદથી દશ માઈલ દૂર છે. **અહીં ધર્મનાથ પ્રભુનાં ચાર** કલ્યાણક થયાં છે. સ્થાન પ્રાચીન અને સુંદર છે. ગામની બહાર એકાન્ત સ્થાનમાં વિશાલ ધર્મશાળા છે અને અંદર ( ધર્મશાળા અને મંદિરનો મુખ્ય દરવાજો એક છે. ધર્મશાળાના દરવાજામાં થઇને મંદિરના દરવાજામાં જવાય છે. ) મંદિર છે. ધર્મશાળામાં કેટલોક ભાગ જીર્ણ થઇ ગયેલ છે. મંદિરના કમ્પાઉન્ડમાં પેસતાં સામે જ સમવસરણ મંદિર આવે છે. તેમાં ધર્મના પ્રભુનાથ કેવલ કલ્યાણકની પાદુકા છે. સમવસરણ મંદિરના ચારે ભાગ ખુલ્લા જ હતા પરન્તુ એક ભાગ બંધ કરી શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બીરાજમાન કરવામાં આવેલ છે. તેની સામે એક જિનમંદિર છે. આઠ પ્રાચીન ભવ્ય મૂર્તિઓ છે. મૂળનાયકજી પ્રાચીન, ભવ્ય અને ચમત્કારી છે. હમણાં મંદીરનો જીર્ણોદ્ધાર કરાવી નવા રૂપમાંજ મંદિર તૈયાર કરાવી ગયે વર્ષે જ પ્રતિષ્ઠા કરાવેલ છે. મંદિરની આજુબાજુ ચારે ખુણામાં ચાર દેરીઓ છે. બધામાં પાદુકા છે. એકમાં ગણધર મહારાજની પાદુકા છે અને બાકીની ત્રણમાં ધર્મનાથ પ્રભુના કલ્યાણકની પાદુકા છે. મંદિર અને ધર્મશાળા બન્ને શ્રી શ્વેતાંબર સંઘનાંજ છે. તેની વ્યવસ્થા બે શ્વેતાંબર જૈનો–શ્રીમાનો કરે છે. નવા મંદિરની વ્યવસ્થા લખનૌવાળા કરે છે અને સમવસરણ મંદિર, દેરીઓ અને ધર્મશાળાની વ્યવસ્થા મિર્જાપુરવાસી શ્વેતાંબર શ્રીમાન્ મીશ્રીલાલજી કરે છે. તેમના તરફથી પૂજારી જ મુનિમી પણ કરે છે. અહીં શ્વે. દિ. ઝઘડા નથી, બધાય અલગ છે. ગામમાં બે દેરીઓ છે, જેમાં પાદુકા છે ત્ય શ્વે. દિ. બધાય દર્શન કરવા જાય છે. અહીં દિગંબરોનું ખાસ સ્થાન કાંઇ પણ નથી જ એમ કહું તો ચાલે. તેમના યાત્રી ઓછા આવે છે અને આવનારને ઉતરવાનું સ્થાન નથી મળતું. શ્વેતાંબર ધર્મશાળા છે તેમાં અરજી કરી રજા માંગવી પડે છે એટલે ગામની જે દેરીઓ છે તેમાં દર્શન કરી તેઓ ચાલ્યા જાય છે. બાકી પૂજનવિધિ આદિ શ્વેતાંબરી થાય છે. શ્વેતાંબરી મંદિરનો પૂજારી પૂજા કરી આવે છે. અમે પણ ત્યાં ગયા હતા ત્યાં દિગંબરોનું કાંઇ ખાસ છે નહિં બંન્ને દર્શન કરે છે. બાકી આ વિશાળ મંદિર અને ધર્મશાળા શ્વેતાંબરી જ છે. અહીં એક મોટું દુઃખ છે. ધર્મશાળા બહાર કસાઇઓનો બજાર ભરાય છે. પાર વિનાની દુર્ગંધ છૂટે છે. આશાતનાનો ઘણો સંભવ છે. આ માટે ખાસ પ્રયત્ન કરવાની જરૂર છે. પરન્તુ દ્વિમુખી વહીવટ હોવાથી એક ગુરૂના બે અવિનયી શિષ્યો જેવી દશા ચાલે છે.

અવ્યવસ્થા માટે તો પૂછવું જ નહિં. અંદર જીવોનાં–નાના નાના જીવોનાં કલેવર પડયાં હતાં કચરો પણ એકઠો થયો હતો. શું લખું આ આશાતના ઉપર? વ્યવસ્થાપક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાનુભાવો સત્તાનો મોહ-મમત્વ રાખે છે તેવી વ્યવસ્થા કરે તો કંઇક શોભે પણ ખરૂં આશાતના રહિત પૂજા ભક્તિ લાભદાયક છે એ યાદ રાખવાની જરૂર છે. વ્યવસ્થાપકોથી વ્યવસ્થા ન થઇ શકતી હોય તો બ્હેતર છે કે જલ્દી સંઘને વ્યવસ્થા સોંપી દેવી. આ તો તેઓ પાપપંકમાં ડૂબે છે અને શ્રી સંઘને ભારે કરે છે. આ વાત માત્ર અયોધ્યા કે રત્નપુરીને ઉદ્દેશીને નથી લખતો. જ્યાં જ્યાં અવ્યવસ્થા અને આશાતના ચાલે છે તે દરેકને માટે મારૂં આ લખાણુ છે.

અહીં આવનાર ગૃહસ્થોએ અયોધ્યા ઉતરવું અને ત્યાંથી વાહનદ્વારા ફૈઝાબાદ, રત્નપુરી જવું. યાત્રા કરવી વધારે સાનુકૂળ છે. નહિં તો ફૈઝાબાદ જંકશનથી પાંચ કોષ દૂર પશ્ચિમમાં સોહાવલ સ્ટેશન છે ( અયોધ્યાથી લખનૌ જતી લાઇનમાં વચ્ચે સ્ટેશન આવે છે. ) ત્યાંથી ૧ માઇલ ઉત્તરમાં નોરાઇ ગાંમ છે ત્યાં આપણું મંદિર અને ધર્મશાળા છે. મૂળ આ માઇલ દોઢ માઇલના રસ્તામાં વાહનની સગવડ જલ્દી નથી મલતી એમ સાંભળ્યું હતું એટલે અયોધ્યાથી જ જવું ઠીક છે. પોસ્ટ અને .... ઓફીસ ફૈઝાબાદ છે. અહીં જે દ્વિમુખી વહીવટ ચાલે છે તેના કરતાં બંને એક થઇ વહીવટ કરે તો વધારે સારૂં.

**લખનૌ**

અહીં યાત્રા કરી લાંબા વિહાર કરતા લખનૌ આવ્યા. આ શહેર મુગલાઇ જમાનામાં આબાદીમાં આવ્યું છે. મુગલાઇ જમાનામાં જ આ શહેર ફાલ્યું અને ફુલ્યું છે. મોજ વૈભવ અને વિલાસની માત્રા અહીં અત્યધિક કહેવાય છે. હિન્દભરમાં લખનૌ વધારે રંગીલું, રસીલું અને વિલાસી મનાય છે. મોગલાઇ ગઇ છે. પરન્તુ હજી પણ મોગલાઇ હોય તેમ અહીંની મુસ્લીમ પ્રજા જીવન ગુજારે છે. સાપ ગયા અને લીસોટા રહ્યા જેવું અત્યારે છે. હિન્દુઓ કરતાં મુસલમાનોનું જોર વધારે છે હિન્દુ પ્રજાને માથે ભીરૂતા, કાયરતા અને ......નું કલંક લાગેલું છે જ. અહીં જૈનોનાં ઘર ૪૦-૪૫ સામાન્ય રીતે બધા ઠીક છે; પરન્તુ બધાય પોતાને શેઠીયા માને છે. કોઇ ન મળે નાનો કે ન મળે મોટો. બધાય મોટા અને શેઠીયા છે. જ્યાં બધાય પોતાને અહમિંદ્રો માને ત્યાં પાંચસો સુભટોની દશા થાય તેમાં નવાઇ જેવું નથી. અહીં ૧૪-૧૫ જિનમંદિરો છે, પરન્તુ પુછો કે આમાં કયું મોટું છે તો કહેશે બધાંય મોટાં છે; કોઇ નાનું મંદિર નથી. દરેક મંદિરના વ્યવસ્થાપકો પોતાના મંદિરને મોટું મંદિર માને છે અને બીજાં નાનાં મંદિર છે એમ કહે છે. હવે વાત રહી વ્યવસ્થાની. પોતાની મરજીમાં આવે તેવી રીતે કામ ચાલે છે. અંધેર વ્યવસ્થા ચાલે છે. મંદિરમાં જાળાં બાઝયા છે, કચરાના ઢગલા પડયા છે. મંદિરમાંથી નીકળતો કચરો બહાર કાઢતા જ નથી. તેઓ કચરાને ખુણામાં રાખી એમ માનતા લાગે છે કે તેમાંથી તેજમતુરી થઇ જાય અને અમને મળી જાય (?) નહિં તો કેટલાય દિવસ કચરો કેમ રાખી મૂકે ? એકાદ બે મંદિરના વ્યવસ્થાપકોને કહ્યું તો સાથેના શ્રાવકો કહે આપ એ માટે કોઇને કાંઇ કહેશો જ નહિં. એ બધું એમજ ચાલે છે. બે-ત્રણ મંદિરો સાફ પણ રહે છે. અહીં એક મંદિર-કમેટી છે જે આપસમાં દર વર્ષે ઘણાંખરાં મંદિરોનો હીસાબ મેળવે છે. તેમાંય બેચાર મંદિરવાળા તો હીસાબ પણ નથી બતાવતા મંદિર અમારૂં છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ શાનો હિસાબ બતાવીએ? અમે ગમે તેમ કરીશું. વગેરે વગેરે કહે છે. ૮ મંદિરો ગામમાં છે. પાંચ-છ ગામબહાર દાદાવાડીમાં છે. ગામ બહારનું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર તો પડુ પડુ થઇ રહ્યું છે જીર્ણોદ્ધારની ઘણી જ જરૂર છે. કહે છે કે સમૂળગું પડી ગયા પછી જીર્ણોદ્ધાર કરાવશું. યદ્યપિ બીજાં મંદિરોમાં પણ જીર્ણોદ્ધારની જરૂર છે. અહીં એક ખૂબી જોઈ ભગવાનના મંદિરનું ગમે તેમ થાય પરન્તુ દાદાસાહેબના પગલાના સ્થાનમાં હજારો રૂપિયા ખર્ચી બીજું નવું બનાવ્યું છે. આમાં ભગવાનની ભક્તિ વધારે કે દાદાસાહેબની ભક્તિ વધારે? શું સમજવું? મારા જેવા સામાન્ય બુદ્ધિના માણસો આવું જોઇ મુંઝાઇ જાય છે.

દાદાજીની પગલાંવાળી જુની દેરીમાં અનેક તીર્થોના ચિત્રપટો છે. ભીંત ઉપર ચિતરાયેલા છે. કલમ સુંદર અને કોમળ છે. મોગલાઇ જમાનાના કોઇ સિદ્ધહસ્ત ચિત્રકારના હાથે આ ચિત્રકામ-પટાલેખન થયેલ છે. પરન્તુ નવાના મોહમાં જુના-પ્રાચીન વસ્તુની કોણ સંભાળ રાખે? ત્યાં પાણી ઉતરે છે અને રંગ ઘસાતા જાય છે. શિખરજી, પાવાપુરી, ગિરનારજી, આબુજી, શત્રુંજય, અષ્ટાપદજી, ચંપાપુરી, અષ્ટાપદાવતાર આદિ અનેક તીર્થોના ચિત્રપટ છે આમાં ચંપાપુરી અને અષ્ટાપદાવતારના ચિત્રપટે અમારૂં ખાસ લક્ષ્ય ખેંચ્યું. ચંપાપુરીના ચિત્રપટમાં ચિત્રકારે બે માણેક સ્થંભો અને નાનું મંદિર આલેખ્યું છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે બન્ને માણેક સ્થંભો અને મંદિર શ્રી શ્વેતાંબર સંઘના કબજામાં હતાં. ચિત્રકારના સમયે પણ શ્વેતાંબરોનો જ કબજો હશે તેમજ ચંપાનાળાના કિલ્લા પાસે પણ એક મંદિર બનાવ્યું છે જે પ્રાચીન મંદિર હતું, તેમજ હાલમાં જ્યાં આપણાં (શ્વેતાંબરોનાં) મંદિર છે જે બે મંદિરો એક જેવા લાગે છે, પરન્તુ ચિત્રકારે તે સ્થાને બે મંદિરો જુદાં જુદાં આલેખ્યા છે. આ ઉપરથી એ નિષ્કર્ષ નીકળે છે કે ચંપાપુરીનાં માણેક સ્થંભો, પ્રાચીન કિલ્લાનું મંદિર અને હાલનાં મંદિરો તે બધું શ્વેતાંબરોનું જ છે; પરન્તુ બે માણેક સ્થંભો અને તેનું મંદિર અત્યારે શ્વેતાંબરોના કબજામાંથી દિગંબરોએ લઇ પોતાની સત્તા જમાવી છે. કિલ્લાવાળું મંદિર ધ્વસ્ત બન્યું છે. આનો સવિસ્તર ખુલાસો હું અમારી પૂર્વદેશની યાત્રામાં ચંપાપુરી પ્રકરણમાં આપી ગયો છું.

આવી જ રીતે અષ્ટાપદાવતારના મંદિરનું પણ મનોહર ચિત્ર-દૃશ્ય બતાવ્યું છે ગંગા વહી રહી છે, વચમાં ટેકરી છે, તેના ઉપર જિનેશ્વર દેવનું મંદિર છે, અંદર આદિનાથ પ્રભુની મૂર્તિ શોભે છે, ગંગામાં વહાણો તરે છે, સ્ત્રી-પુરૂષો નહાય છે. સાક્ષાત્ અષ્ટાપદાવતારનું દૃશ્ય ખડું કર્યું છે. અત્યારે પણ આ જ સ્થિતિ છે પરન્તુ અત્યારે મંદિરમાં જિનેશ્વર દેવ નથી કિન્તુ શિવલીંગ છે. આનો ઉલ્લેખ પણ હું આગળ કરી ગયો છું. આ ઉપરથી વાંચકોને ખાત્રી થશે કે મેં ક્યાંય કલ્પના, નર્યાં અનુમાન કે ભક્તિની અતિશયતા નથી બતાવી પરન્તુ સાચું ચિત્ર જ આલેખ્યું છે. મને પણ આ ચિત્ર જોઇ પુરેપુરી ખાત્રી થઇ કે તે સ્થાન આપણું જ છે પરન્તુ આપણા કમનસીબે આવી સુંદર ચીજ આપણા હાથમાંથી ચાલી ગઇ. આવું તો ઘણુંય ગુમાવ્યું હશે, પત્તો લાગે ત્યારે ખરો. આ વસ્તુ ચિત્રરૂપે પણ હજી રહી છે પરન્તુ અહીંના વ્યવસ્થાપકો પાકો બંદોબસ્ત નહિં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## લિચ્છવી જાતિ

લે૦ શ્રીયુત ભીમજીભાઇ (સુશીલ)

**પ્રારંભ.**

" જે રાત્રિને વિષે ભગવાન મહાવીર મોક્ષે ગયા તે રાત્રિએ નવમલ્લકિ જાતિના અને નવ લિચ્છવી જાતિના ગણુ રાજાઓ, જે ભગવાનના મામા ચેડા રાજાના મિત્ર અને સામંત જેવા હતા તેઓ ગણુનો મેળાપ કરવા પાવાપુરીમાં એકઠા થયા હતા. " આ મલ્લકિ અને લિચ્છવી રાજાઓ કોણ હતા અને ભગવાન મહાવીરના સંબંધમાં શી રીતે આવ્યા તે કેવળ ઐતિહાસિક દ્રષ્ટિએ વિચારવાની જરૂર છે.

" ભગવાન મહાવીર જ્ઞાતૃક્ષત્રિય હતા, જ્ઞાતૃક્ષત્રિના પુત્ર હતા, જ્ઞાતૃવંશના ચંદ્રસ્વરૂપ હતા: ભગવાન મહાવીર વિદેહદત્તાના પુત્ર હતા, વિદેહવાસી હતા, વિદેહરાજકુમાર હતા. એમની માતાનું નામ ત્રિશલા હતું-ત્રિશલા ક્ષત્રિયાણીના નામે એ વધુ પરિચિત છે. " એવા ઉલ્લેખો પણ મળે છે. સૂત્રકૃતાંગમાં લિચ્છવી જાતિને ખૂબ ઉચ્ચવંશીય માનવામાં આવી છે. " કોઇ પણ લિચ્છવી, દીક્ષા લીધા પછી પોતાના ગોત્ર વિષે ગર્વ રાખી શકે નહીં " એ ઉપરથી પણ એટલું જણાય છે કે લિચ્છવીઓ ક્ષાત્રય હતા, ઉચ્ચવંશીય હતા અને ભગવાન મહાવીર સાથે એમને લોહીનો સંબંધ હતો.

લિચ્છવી ક્ષત્રિઓ હતા, પણ કેટલાકો એ વાત માનવાની સાફ ના પાડે છે. પરશુરામે એકવીસ વાર નિઃક્ષત્રીય પૃથ્વી કરી હતી એ કથન માનીએ તો શુદ્ધ ક્ષત્રિયત્વ અસંભવિત જ ગણાય. સૂર્યવંશીય ક્ષત્રિય અને ચંદ્રવંશીય ક્ષત્રિય એ બધી પાછળની વસ્તુ છે. કુરૂક્ષેત્રમાં પણ ક્ષત્રિયોનો સાવ ભૂકો થઇ ગયો હતો, તો પછી આ બધા ક્ષત્રિયો ક્યાંથી આવ્યા ?

---

રાખે તો પ્રાચીન તીર્થની સ્મૃતિ પણ ભૂલાઇ જવાશે. ચિત્રકારના સમયમાં તો અષ્ટાપદાવતાર જાહેર તીર્થજ હશે, નહિં તો અહીં તેનો ઉલ્લેખ કેમ થાય ? અહીં ઘણાં ચિત્રો બહુજ સારા છે કોઇ કલાપ્રેમી જૈન અહીં આવી આના ફોટા ઉતારી જાહેર કરે તો ચિત્રોની વસ્તુ કાયમ રહી જશે. નહિં તો થોડાં વર્ષો બાદ આ ચિત્રો પણ નષ્ટ થઇ જશે. અષ્ટાપદાવતાર જેવી વસ્તુ માત્ર પુસ્તકોમાં જ રહેશે. અહીં ઘણી ખરીમૂર્તિઓ સોળ અને સત્તરમી શતાબ્દિની છે. તપગચ્છનું મંદિર બધાયથી જુનું મંદિર કહેવાય છે. બીજાં મંદિરો કરતાં તે પ્રાચીન જરૂર છે.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુ એ બધાને વ્રાત્ય કહે છે. વ્રાત્ય એટલે રઝળતા ટોળાં. આ લોકોને રાંધતા અને ઘર બાંધીને રહેતા પણ આવડતું ન્હોતું. લૂંટફાટ કરવી અને તૈયાર સામગ્રી પડાવી લેવી એ એમનો વ્યવસાય હતો. એ લોકો ધીમે ધીમે પોતાને ક્ષત્રિય તરીકે ઓળખાવવા લાગ્યા.

લિચ્છવીઓનો ઇતિહાસ શરૂ થાય છે ત્યારથી તેમણે રઝળપટ્ટી તાજેતરમાં જ મૂકી દીધી હોય અને ગામડામાં વસવાનો આરંભ કર્યો હોય એમ જણાય છે, એમની રહેણીના સંબંધમાં બુદ્ધદેવે એક વાર કહેલું કે: " લિચ્છવીઓ જ્યાં સુધી લાકડાનું ઓશીકું કરીને સૂવે છે, કઠણ શય્યા રાખે છે, સવારમાં વ્હેલા ઊઠે છે, સખત મજુરી કરે છે અને વખત આવ્યે એકસંપ થઇ શકે છે ત્યાંસુધી એમને કોઇ હરાવી શકશે નહીં. " આ રહેણી વૈભવ પહેલાંની સ્થિતિ સૂચવે છે. લિચ્છવીઓ ક્ષત્રિય તરિકે નામાંકિત બન્યા તે પહેલાં તેઓ સાદાસીધા હતા તે એ ઉલ્લેખ બતાવે છે. કૌટિલ્યે પણ ચંદ્રગુપ્તને કહેલું કે લિચ્છવીઓના ટોળામાં કોઇ રીતે કુસંપ કરાવવો જોઇએ. તેઓ ખરેખરા લડવૈયા છે. યુદ્ધથી એમને જીતવાની આશા રાખવી નકામી છે. તેઓ અંદરઅંદર લડે તો જ એમનું જોર તોડી શકાય. મૌર્યો એ રીતે જ લિચ્છવીઓને દબાવી શકયા હતા.

નંદ રાજાઓએ પણ ક્ષત્રિયોને તળીયાઝાટક સાફ કરી નાખ્યા હતા. નંદોને કેટલાકો શુદ્રો તરિકે ઓળખાવે છે. એક પણ ક્ષત્રિય જીવતો રહે ત્યાં સુધી નંદોનું સામ્રાજ્ય સાહસલામત જીવતું ન રહે એમ તેઓ માનતા. પુરાણો એક અવાજે કહે છે नंदान्ताः क्षत्रियाः નંદોની પછી ક્ષત્રિયોનું જડાબીટ નીકળી ગયું.

કોઇ પૂછશે કે તો પછી આ રાજપુતોને ક્ષત્રિય કેમ કહેવામાં આવે છે ? સ્મૃતિકારોએ એક યુક્ત શોધી કાઢી છે. તેમણે નાશનો અર્થ જૂદો કર્યો. ક્ષત્રિયોનો નાશ એટલે વંશનો નાશ નહીં, પણ ક્ષત્રિયોના આચારનો નાશ. એવો અર્થ કરવામાં ન આવે તો નંદરાજાની પછી થએલા વિક્રમાદિત્ય જેવા મહાન્ રાજાને અને પાણિનિના ટીકાકાર શકનંદી જેવા પંડિતને ક્ષત્રિય તરિકે શી રીતે ઓળખાવી શકાય ? પૂર્વજો જેમના ભીલ અથવા કોલ જાતિના હતા તેવા આજના જમીનદારો પણ પોતાને ક્ષાત્રય હોવાનું જણાવે છે.

ક્ષત્રિય શબ્દના અર્થે પણ આજસુધીમાં ઘણા પલટા ખાધા છે, એ વાત અહીં યાદ રાખવી જોઇએ. સત્ય, દ્વાપર અને કલિયુગમાં એના જૂદાજૂદા અર્થ થયા છે. યુદ્ધનો ધંધો કરે અથવા ભૂમની સાથે જેને સીધો સંબંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તે ક્ષાત્રય, એવો એનો વિશાળ અર્થ પણ થયો છે. નંદરાજાઓએ ક્ષત્રિયોને ભલે નામશેષ કર્યા હોય તો પણ આપણે આજે જાણીએ છીએ કે પૃથ્વી છેક નિઃક્ષત્રિય નથી રહી. બ્રાહ્મણોએ લિચ્છવીઓને વ્રાત્યક્ષત્રિયરૂપે ઓળખાવ્યા છે, પણ એમાં ઇર્ષ્યા ને દ્વેષ રહેલાં હતાં એ ખુલ્લું દેખાઇ આવે છે. જૈન અને બૌધ યુગમાં લિચ્છવી ઘણા પ્રતાપી અને પંડિત હતાં એ એક જ વાત બ્રાહ્મણ-લેખકોની ઇર્ષ્યાવશતા બતાવે છે.

## નામ અને ઉદ્દ્ભવ

ઇ. સ. પૂર્વે છસો-સાત સો વર્ષ પહેલાં પૂર્વભારતમાં લિચ્છવી જાત ઘણી શક્તિશાળી તથા સમૃધ્ધ હતી. બૌધ્ધ તેમજ જૈન સંસ્કૃતિના વિકાસ અને વિસ્તારમાં લિચ્છવીઓએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. લિચ્છવીઓની રાષ્ટ્રપધ્ધતિ રીતિનીતિ અને આચારવ્યવહાર ભારતવર્ષની ઐતિહાસિક પરંપરામાં એક નવી જ ભાત પાડે છે. લિચ્છવી-જીવનની રૂપરેખા, બૌધ્ધ તથા જૈન પ્રાચીન સાહિત્યમાં છૂટીછવાઇ વીખરાયેલી પડી છે. એ રેખા વ્યવસ્થિતપણે ગોઠવાય તો જ લિચ્છવી-જાતિનું એક મનોરમ ચિત્ર ખડું કરી શકાય. બૌધ અને જૈન ગ્રંથોમાં લિચ્છવીજાતિ સંબંધી ઘણાં ઉલ્લેખો તથા વિવેચનો મળી આવે છે. એ બધાને સસંબધ્ધ આકારે, ક્રમિક રૂપે ગોઠવવાં એ જરા મુશ્કેલ વાત છેઃ અને એનો અર્થ તારવવો એ વધુ કઠિન વાત છે.

મૌર્ય સામ્રાજ્યના પાયા પડ્યા તે પહેલાં, ઉત્તર ભારતની કેટલીક જાતિઓમાં ગણતંત્રની રાજપધ્ધતિ ચાલતી. મૌર્ય સામ્રાજ્યનો મુખ્ય અધિષ્ઠાતા-ચાણાક્ય પણ ગણતંત્રનું અસ્તિત્વ કબૂલ રાખે છે. ગણતંત્ર ધરાવતી જાતિઓમાં લિચ્છવી જાતિ મુખ્ય હતી.

લિચ્છવી મોટે ભાગે જૈન તથા બૌધ્ધ ધર્મના અનુયાયી હતા. શાકયમુનિ ગાતમબુધ્ધે લિચ્છવીઓનાં ઐક્ય, ધર્માનુરાગ અને બંધારણશક્તિના ખૂબ વખાણ કર્યા છે.

લિચ્છવી શબ્દમાં ઘણા પાઠાંતર થવા પામ્યા છે. લિચ્છિવિ, લિચ્છવી, લેચ્છવી, લેચ્છઇ વિગેરે. પાઠાંતર અતિ સામાન્ય છે. એમ કહી શકાય પાલિ સાહિત્યમાં બધે 'લિચ્છવિ' પ્રયોગ મળે છે, દવ્યાવદાન વિગેરેમાં લિચ્છવી જ છે. મહાવસ્તુ અવદાન જેવા ગ્રંથોમાં લેચ્છવી નામ છે. જે બૌધ ધર્મગ્રંથોના ચીની ભાષામાં અનુવાદ થાય છે તેમાં બન્ને નામ મળે છે. સંસ્કૃત, બૌધ ગ્રંથોમાં એ બન્નેનો ઉપયોગ થયો હોવાથી ચીની અનુવાદમાં એ બન્ને વપરાયા હોય એમ બને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેચ્છવિનું પ્રાકૃત સ્વરૂપ ' લેચ્છઇ છે. જૈન સાહિત્યમાં આ રૂપ વિશેષે કરીને જોવામાં આવે છે. બૌધ્ધ તથા જૈન સાહિત્યનો રચનાકાળ લગભગ સરખો છે. કેટલાકોનો એવો મત છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી, પહેલા જ સૈકામાં એમના શિષ્યોએ જૈન ગ્રંથોની યોજના કરી હતી. કેટલાક એમ પણ કહે છે કે ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં, પાટલીપુત્રમાં જૈન મુનિઓની પ્રથમ સભા મળી હતી અને એ વખતે જ ધર્મસાહિત્ય-રચનાનો આરંભ થયો હતો.

સૂત્રકૃતાંગ, જૈનધર્મનો ઘણો પ્રાચીન ગ્રંથ છે. એમાં ' લેચ્છઇ ' શબ્દ છે. મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના સમયમાં ગુંથાયેલા કલ્પસૂત્રમાં શ્રી ભદ્રબાહુએ એ જ શબ્દ વાપર્યો છે. ટીકાકારોએ પ્રાકૃત ' લેચ્છઇ ' અને સંસ્કૃત ' લેચ્છકી 'માં કંઇ ભેદ નથી ગણ્યો. ભાષાતત્ત્વની દ્રષ્ટિએ એમાં ઉચ્ચારભેદ સિવાય બીજું કંઇ જ નથી. કૌટિલ્યના જુના ગણાતા અર્થશાસ્ત્રમાં ' લિચ્છવિ ' નો પ્રયોગ પ્રાપ્ત થાય છે.

लिच्छविक-वृजिक-मल्लक-मद्रक-कूकूर-कुसपांचालादयो राजशब्दोपजीविनः

સંઘમાંના લિચ્છવિક, "વૃજિક, મલ્લક, મદ્રક, કુકુર, કુરૂપાચાલ વિગેરે વંશો રાજ " ઉપાધિ ધારણ કરે છે. પ્રસંગોપાત્ત એટલું કહેવું જોઇએ કે કૌટિલ્ય વૃજિઓ અને લિચ્છવીઓને અલગ અલગ ગણે છે પાલિ ગ્રંથોમાં એ બંનેને એક જ ગણવામાં આવ્યા છે. ગણતંત્ર ધરાવતી જાતિઓમાં એ બંનેનો ઉલ્લેખ છે, પણ લિચ્છવી અને વૃજિના સ્વતંત્ર ગણ કે રાષ્ટ્ર હોય એમ દેખાતું નથી.

માનવધર્મશાસ્ત્ર (૧૦ મો અધ્યાય, ૨૨ મો શ્લોક ) માં લિચ્છવિના નામનો ઉલ્લેખ છે. ટીકાકારોમાં કોઇ લિછવિ કહે છે તો મેધાતિથિ અને ગોવિંદરાજ વગેરે લિચ્છવિ કહે છે. કુલ્લુક ભટ્ટ કેવળ " નિચ્છિવિ " પાઠ આપે છે અને એમના પગલે ચાલનાર રાઘવાનંદ પણ એ જ પાઠની પુનરાવૃત્તિ કરે છે. પાશ્ચાત્ય પંડિતોના કેટલાકો લિચ્છિવિ શબ્દ જ વાપરે છે અને એ જ પાઠ બરાબર છે.

સમુદ્રગુપ્તના મૃત્યુ પછી કોતરાયેલો શિલાલેખ, જે અલ્હાબાદમાં મળી આવ્યો છે તેમાં એ સમ્રાટને લિચ્છવીના ભાણેજ તરીકે ઓળખાવવામાં આવ્યો છે. અહીં પાલી-પાઠ જ અનુસરાયો છે. ગુપ્તસમ્રાટોની બીજી શિલાલીપિમાં પણ એ જ પ્રયોગ છે. મથુરામાં મળેલા, બીજા ચંદ્રગુપ્તના શિલાલેખમાં અને કુમારગુપ્ત તથા સ્કંદગુપ્તના લેખોમાં પણ એ જ પ્રયોગ લાધે છે. ચંદ્રગુપ્તના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા.

## હિંદુસ્તાનમાં જૈન વસ્તી

લેખક:—નરોતમ બી. શાહ

[ ગતાંક પૃષ્ઠ ૧૮૬ થી શરૂ ]

કોઠો ૧ લો.

| હિંદુસ્તાન | કુલ જૈન વસ્તી* | પુરૂષો | સ્ત્રીઓ |
|---|---|---|---|
| | ૧૨૫૨૧૦૫ | ૬૪૫૦૯૭ | ૬૦૭૦૦૮ |
| **પ્રાંતો** | ૪૫૩૫૬૯ | ૨૪૭૨૮૫ | ૨૦૬૨૮૪ |
| અજમેર | ૧૯૪૯૭ | ૧૦૪૨૭ | ૯૦૭૦ |
| આસામ | ૨૬૩૬ | ૨૦૦૦ | ૬૩૬ |
| બલુચીસ્તાન | ૩૨ | ૨૦ | ૧૨ |
| બેંગાલ | ૯૧૬૭ | ૬૫૭૧ | ૨૫૯૬ |
| મુંબઈ | ૨૦૦૦૧૫ | ૧૦૯૭૬૩ | ૯૦૨૫૨ |
| બર્મા | ૭૨૧ | ૪૬૪ | ૨૫૭ |
| સેન્ટ્રલ પ્રોવીન્સીઝ અને બીહાર | ૭૭૮૯૫ | ૪૦૩૩૩ | ૩૭૫૬૨ |
| કુર્ગ | ૮૩ | ૪૩ | ૪૦ |
| દીલ્હી | ૫૩૪૫ | ૨૯૪૯ | ૨૩૯૬ |

કેટલાક સીક્કામાં લિચ્છવિ શબ્દ જોવામાં આવે છે. નેપાલરાજના કેટલાક શિલાલેખ તથા પ્રશસ્તિમાં એમને ‘ લિચ્છવિ–કુળ–કેતુ ” કહેવામાં આવ્યા છે

ચીની અનુવાદમાં લિચ્છવિ અને લેચ્છવી એ બે પાઠ મોટે ભાગે વપરાયા છે. ફાહિયાન લિચ્છવિ કહે છે. હ્યુયેન લિ-ચે-પો એટલે કે લિચ્છવિનો જ પ્રતિધ્વનિ નોંધે છે. (ચાલુ)

* સદરહુ આંકડાઓમાં ૧૧૮૦૦ ( ૬૨૮૧ પુરૂષ અને ૫૫૧૯ સ્ત્રીઓ ) જૈનો જેઓ હિંદુ ધર્મમાં ભેળાઇ ગએલ છે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| મદ્રાસ | ૩૧૨૦૬ | ૧૭૦૯૦ | ૧૪૧૧૬ |
| પંજાબ | ૩૫૨૮૪ | ૧૮૭૫૧ | ૧૬૫૩૩ |
| યુનાઇટેડ પ્રોવીન્સીઝ ઓફ આગ્રા અને આઉધ | ૬૭૯૫૪ | ૩૬૮૧૬ | ૩૧૧૩૮ |
| **સ્ટેટસ અને એજન્સીઝ** | ૭૯૮૫૩૬ | ૩૯૭૮૧૨ | ૪૦૦૭૨૪ |
| આસામ સ્ટેઇટ | ૧૬૭ | ૧૧૬ | ૫૧ |
| બરોડા ,, | ૪૮૪૦૮ | ૨૪૫૭૦ | ૨૩૮૩૮ |
| બંગાલ ,, | ૫૦૨ | ૪૦૦ | ૧૦૨ |
| બીહાર એન્ડ ઓરીસા સ્ટેઇટ | ૩૧૮ | ૧૬૬ | ૧૫૨ |
| મુંબઇ ,, | ૮૭૩૫૩ | ૪૫૮૭૧ | ૪૧૪૮૨ |
| સેન્ટ્રલ ઇન્ડીઆ એજન્સી | ૫૦૨૬૮ | ૨૬૬૩૫ | ૨૩૬૩૩ |
| સેન્ટ્રલ પ્રોવીન્સીસ સ્ટેટસ | ૧૯૬૦ | ૧૦૮૩ | ૮૭૭ |
| ગ્વાલીઅર સ્ટેટ | ૪૫૦૭૯ | ૨૪૨૩૮ | ૨૦૮૪૧ |
| હૈદ્રાબાદ ,, | ૨૧૫૪૩ | ૧૧૪૫૬ | ૧૦૦૮૭ |
| કાશ્મીર ,, | ૫૯૭ | ૩૧૯ | ૨૭૮ |
| મદ્રાસ સ્ટેટસ | ૨૮૨ | ૧૬૦ | ૧૩૨ |
| મહીસુર ,, | ૨૯૬૧૩ | ૧૫૯૨૦ | ૧૩૬૯૩ |
| પંજાબ ,, | ૪૦૮ | ૨૧૮ | ૧૯૦ |
| પંજાબ સ્ટેટસ એજન્સી | ૭૪૪૮ | ૩૯૯૩ | ૩૪૫૫ |
| રજપુતાના એજન્સી | ૩૦૦૭૪૮ | ૧૪૬૦૦૪ | ૧૫૪૭૪૪ |
| સીકીમ | ૨ | ૨ | ............ |
| યુનાઇટેડ પ્રોવીન્સીઝ સ્ટેટસ | ૨૧૪ | ૧૧૫ | ૯૯ |
| વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટસ એજન્સી | ૨૦૩૬૨૬ | ૯૬૫૪૬ | ૧૦૭૦૮૦ |

| | | | |
|---|---|---|---|
| ભાવનગર | ૬૭૪૪ | કચ્છ–માંડવી | ૨૨૯૨ |
| નવાનગર–જામનગર | ૪૯૫૫ | ગોંડલ | ૨૦૯૬ |
| રાજકોટ | ૪૫૮૨ | જેતપુર | ૧૭૯૨ |
| જુનાગઢ | ૧૪૦૮ | કચ્છ–ભૂજ | ૧૧૯૬ |
| પોરબંદર | ૧૧૦૮ | જુનાગઢ–વેરાવળ | ૧૧૦૫ |
| ગોંડલ–ધોરાજી | ૧૪૪૭ | પાલનપુર | ૨૫૧૩ |

For Private And Personal Use Only

## કોઠો ૨ જો.

| ઉમર. | કુલ જૈન વસ્તી. કુલવસ્તી | કુલ જૈન વસ્તી. પુરૂષો. | કુલ જૈન વસ્તી. સ્ત્રીઓ. | કુંવારા. પુરૂષો. | કુંવારા. સ્ત્રીઓ. | પરણેલા. પુરૂષો. | પરણેલા. સ્ત્રીઓ. | વિધૂર. | વિધવાઓ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૨૫૧૩૪૦ | ૬૪૪૬૧૧ | ૬૦૬૭૨૯ | ૩૨૪૧૯૮ | ૨૦૫૫૪૩ | ૨[illegible]૭૫૧૦ | ૨[illegible]૬૯૬૧ | ૫૨૬૦૩ | ૧૩૪૨૪૫ |
| ૦-૫ | ૧૭૧૨૩૯ | ૮૫૦૦૨ | ૮૬૨૩૭ | ૮૩૮૭૬ | ૮૪૦૯૬ | ૧૦૫૮ | ૧૯૯૮ | ૬૮ | ૧૪૩ |
| ૫-૧૦ | ૧૪૮૭૧૪ | ૭૬૮૭૬ | ૭૧૮૩૮ | ૭૪૨૬૬ | ૬૪૧૮૧ | ૨૫૧૦ | ૭૩૫૯ | ૧૦૦ | ૨૯૮ |
| ૧૦-૧૫ | ૧૩૯૩૧૫ | ૭૩૪૦૭ | ૬૫૯૦૮ | ૬૮૦૯૩ | ૪૬૫૯૫ | ૫૧૨૨ | ૧૮૬૭૦ | ૧૯૨ | ૬૪૩ |
| ૧૫-૨૦ | ૧૧૭૬૪૮ | ૬૧૨૭૭ | ૫૬૩૭૧ | ૩૭૯૯૨ | ૬૮૧૧ | ૨૨૫૩૯ | ૪૭૦૮૬ | ૭૪૬ | ૨૪૭૪ |
| ૨૦-૨૫ | ૧૧૯૪૫૫ | ૬૧૧૫૧ | ૫૮૩૦૪ | ૨૫૫૬૫ | ૧૬૮૩ | ૩૪૨૭૦ | ૫૨૧૭૯ | ૧૩૧૬ | ૪૪૪૨ |
| ૨૫-૩૦ | ૧૦૧૧૯૪ | ૫૨૨૧૬ | ૪૮૯૭૮ | ૧૦૪૧૬ | ૬૨૧ | ૩૯૩૪૭ | ૩૯૯૦૭ | ૨૪૫૩ | ૮૪૫૦ |
| ૩૦-૩૫ | ૯૩૧૩૬ | ૪૯૨૦૧ | ૪૩૯૩૫ | ૭૪૨૨ | ૪૧૪ | ૩૮૪૧૬ | ૩૨૬૮૬ | ૩૩૬૩ | ૧૦૮૩૫ |
| ૩૫-૪૦ | ૮૪૪૬૧ | ૪૨૪૩૦ | ૩૯૦૩૧ | ૪૮૮૦ | ૩૫૫ | ૩૨૪૬૯ | ૨૩૨૦૫ | ૫૦૮૧ | ૧૫૪૭૧ |
| ૪૦-૪૫ | ૭૩૦૨૯ | ૩૮૧૩૧ | ૩૪૮૯૮ | ૩૯૩૦ | ૨૪૯ | ૨૮૧૪૦ | ૧૮૦૩૨ | ૬૦૬૧ | ૧૬૬૧૭ |
| ૪૫-૫૦ | ૬૧૪૫૯ | ૩૨૩૩૪ | ૨૯૧૨૫ | ૨૮૭૯ | ૧૭૫ | ૨૧૮૬૦ | ૧૦૯૮૨ | ૭૫૯૫ | ૧૭૯૬૮ |
| ૫૦-૫૫ | ૫૦૦૯૮ | ૨૬૨૦૫ | ૨૩૮૯૩ | ૨૧૦૮ | ૧૦૪ | ૧૬૮૩૧ | ૭૫૪૧ | ૭૨૬૬ | ૧૬૨૪૮ |
| ૫૫-૬૦ | ૩૫૯૭૬ | ૧૮૧૦૫ | ૧૭૮૭૧ | ૧૨૩૪ | ૭૦ | ૧૦૫૩૭ | ૩૬૪૯ | ૬૩૩૪ | ૧૪૧૫૨ |
| ૬૦-૬૫ | ૨૮૭૯૯ | ૧૩૯૨૫ | ૧૪૮૭૪ | ૮૨૦ | ૬૭ | ૭૭૬૧ | ૨૩૫૭ | ૫૩૪૪ | ૧૨૬૫૦ |
| ૬૫-૭૦ | ૧૩૫૩૧ | ૬૭૯૪ | ૬૭૩૭ | ૩૫૪ | ૫૨ | ૩૩૮૮ | ૭૫૯ | ૩૦૫૨ | ૫૯૨૬ |
| ૭૦ ની ઉપર | ૧૬૨૮૬ | ૭૫૫૭ | ૮૭૨૯ | ૩૬૩ | ૭૦ | ૩૨૬૨ | ૫૩૧ | ૩૯૩૨ | ૮૧૨૮ |

## કોઠો નં. ૩ જો.

| ઉમર. | કુલ જૈન વસ્તી. | | | ભણેલા | | | અભણ. | | | ઇંગ્રેજી ભણેલા. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ. | પુરૂષ. | સ્ત્રીઓ. | કુલ. | પુરૂષ. | સ્ત્રીઓ. | કુલ. | પુરૂષો. | સ્ત્રીઓ. |
| | ૧૨૫૧૩૪૦ | ૬૪૪૬૧૧ | ૬૦૬૭૨૯ | ૩૮૦૮૮૧ | ૩૨૫૮૮૯ | ૫૪૯૯૨ | ૮૭૦૪૫૯ | ૩૧૮૭૨૨ | ૫૫૧૭૩૭ | ૩૩૦૩૪ | ૩૧૯૭૦ | ૧૦૬૪ |
| ૦–૫ | ૧૭૧૨૩૯ | ૮૫૦૦૨ | ૮૬૨૩૭ | …… | …… | …… | ૧૭૧૨૩૯ | ૮૫૦૦૨ | ૮૬૨૩૭ | …… | …… | … |
| ૫–૧૦ | ૧૪૮૭૧૪ | ૭૬૮૭૬ | ૭૧૭૩૮ | ૨૫૫૨૬ | ૧૯૨૩૯ | ૬૨૮૮ | ૧૨૩૧૮૮ | ૫૭૬૩૮ | ૬૫૫૫૦ | ૧૨૩૬ | ૧૧૪૧ | ૯૫ |
| ૧૦–૧૫ | ૧૩૯૩૧૫ | ૭૩૪૦૭ | ૬૫૯૦૮ | ૪૧૩૦૦ | ૩૧૮૦૯ | ૯૪૯૧ | ૯૮૦૧૫ | ૪૧૫૯૮ | ૫૬૪૧૭ | ૩૨૯૫ | ૩૧૩૬ | ૧૫૯ |
| ૧૫–૨૦ | ૧૧૭૬૪૮ | ૬૧૨૭૭ | ૫૬૩૭૧ | ૫૧૫૭૫ | ૪૧૭૭૭ | ૯૭૯૮ | ૬૬૦૭૩ | ૧૯૫૦૦ | ૪૬૫૭૩ | ૬૬૪૩ | ૬૩૮૩ | ૨૬૦ |
| ૨૦ થી ઉપર | ૬૭૪૪૨૪ | ૩૮૮૦૪૯ | ૩૨૬૩૭૫ | ૨૬૨૪૮૦ | ૨૩૩૦૬૫ | ૨૯૪૧૫ | ૪૧૧૯૪૪ | ૧૧૪૯૮૪ | ૨૯૬૯૬૦ | ૨૧૮૬૦ | ૨૧૩૧૦ | ૫૫૦ |

હવે પછી જૈનોની સંસારિક તથા કેળવણી વિષય સ્થિતિના ચોક્કસ આંકડાઓ આપવામાં આવશે.

( ચાલુ ).

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુવાસિત પુષ્પો

અનુવાદકઃ—વિઠ્ઠલદાસ એમ. શાહ.

જે માણસ પોતાની બધી ઇન્દ્રિયોને તથા મન બુદ્ધિને ઇશ્વરના કાર્યમાં લગવી રાખે છે તેજ બુદ્ધિમાન ભક્ત છે. કાનથી ઇશ્વરના ગુણ સાંભળો, આંખોવડે સંતપુરૂષોનેજ દેખો, જીભ વડે પ્રભુનાજ ગુણ ગાઓ, હાથવડે પ્રભુની સેવા કરો પગવડે પ્રભુના સ્થાનમાંજ જાઓ, મનથી પ્રભુનું ચિંતન કરો અને બુદ્ધિથી ઇશ્વરનો વિચાર કરો. તમારૂં જીવન પવિત્ર પ્રભુમય બની જશે.

❧ ❧ ❧

સોબતથીજ માણસ સારો ખરાબ બને છે, સોબત કેવળ મનુષ્યનીજ નહિ, પણ ઇન્દ્રિયોના વિષયમાત્રનો સંગ સારો નરસો હોય છે. સારી સોબતનું સેવન કરો, ખરાબ સંગત સદા છોડો. કાનથી ખરાબ વાત સાંભળવી નહિ, આંખોથી ખરાબ વસ્તુ જોવી નહિ, જીભ વડે ખરાબ વાત બોલવી નહિ, હાથવડે ખરાબ કામ ન કરવું, પગવડે ખરાબ સ્થળે જવું નહિ, મનવડે ખરાબ ચિંતન ન કરવું અને બુદ્ધિવડે ખરાબ વિચાર ન કરવા તમે બધી ખરાબીથી આપો આપ છૂટી જશો.

❧ ❧ ❧

એવું પુસ્તક કદિ પણ ન વાંચવું કે જેનાથી વિષય વાસના વધે અને પાપમાં મન જાય, પછી તે પુસ્તક ભલેને શાસ્ત્રનું હોય? વિષયોથી મનને હઠાવનાર અને પાપથી બચાવનાર બોધ આપનાર પુસ્તકો વાંચવા, એવી વાતો સાંભળો અને એવાજ સ્થાનમાં રહો.

❧ ❧ ❧

વિષય ચિંતન સર્વ નાશનું મૂળ છે. અને ઇશ્વર ચિંતન દુઃખથી છુટવાનો મૂળમંત્ર છે. ખુબ સાવધાનીથી મનમાંથી વિષયોને દૂર કરતા રહો અને નિરંતર ઇશ્વરનું ચિંતન કરો. જેમ જેમ વિષય ચિંતન ઓછું થઇને ઇશ્વર ચિંતન વધશે તેમ તેમ તમે શાંતિ તથા સુખની નજીક પહોંચશો. વિષય ચિંતન સદાચારી મનુષ્યને પણ પાપના કાદવમાં નાખી દે છે અને ઇશ્વર ચિંતન ગમે-તેવા દુરાચારી પુરૂષને પણ સાધુ–ભક્ત બનાવી દે છે.

❧ ❧ ❧

બે કેન્દ્ર છે–એક દુઃખનું અને બીજું સુખનું. દુઃખના કેન્દ્રમાં બેસીને ગમે તેટલી સુખની વાતો કરો તો પણ કદિ સુખી નથી થવાનું. સુખના કેન્દ્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચ્યા પછી દુઃખ શોધવા છતાં નથી મળતું. જગતનો આશ્રય દુઃખનું કેન્દ્ર છે અને ઇશ્વરનો આશ્રય સુખનું કેન્દ્ર છે. કોઇ માણસ ગમે તેટલી મોટી મોટી વાતો કરે, પરંતુ જ્યાં સુધી જગતના આશ્રયથી સુખ પામવાની આશા છે ત્યાં સુધી જેમ અગ્નિથી ઘેરાયેલો માણસ શીતલતા નથી પામતો તેમ તે સુખી નથી થઇ શકતો. એટલા માટે જગતનો આશ્રય તજીને ઇશ્વરનો આશ્રય ગ્રહણ કરો. એ સુખના કેન્દ્રમાં સ્થિત થઇને પછી દુઃખાલય સંસારની વાત પણ ન કરો. પછી તો જેમ હિમાલયના બરફમાં બેઠેલા પુરૂષ પાસે ગરમી આવી શકતી નથી તેમ તમારી પાસે દુઃખ આવી શકશે જ નહિ.

❀ ❀ ❀

સર્વની અંદર પરમાત્માનો નિવાસ સમજીને સૌનું સન્માન કરો, કોઈનું પણ અપમાન ન કરો. માન છોડીને સૌનું સન્માન કરશો તો તમે પોતે સૌને વ્હાલા લાગશો. તમને સૌ હૃદયથી ચાહશે અને તમે તમારી ઇચ્છાનુસાર અનેક માણસને સન્માર્ગે લાવી શકશો.

❀ ❀ ❀

આપણી તરફ બીજા માણસોનો વર્તાવ તમે ન ઇચ્છતા હો તેવો વર્તાવ કોઈની સાથે ન રાખો. જો તમે બીજા તરફ સન્માન, સત્કાર, ઉપકાર, દયા, સેવા, સહૃદયતા, મૈત્રી અને પ્રેમની આશા રાખતા હો તો પહેલાં તમારે બીજા પ્રત્યે એવો જ વર્તાવ રાખવો જોઇએ.

❀ ❀ ❀

આપણી સારી વાત બીજાને પ્રેમપૂર્વક કહો, પરંતુ એવો આગ્રહ ન રાખો કે તેઓ તમારી વાત સ્વીકારી લે. તેમજ જેઓ ન સ્વીકારે તેનું કાંઇપણ ખરાબ બોલવું નહિ તથા મનથી ચિંતવવું નહિ. તમારે તો માત્ર તમારી વાત તેઓને નિવેદન કરવાનો જ યત્ન કરવો. કદાચ આપણી ભૂલ હોય તો માનભંગના ભયથી તેને વળગી ન રહેવું; ભૂલ સ્વીકાર કરવાથી નુકશાન તો છે જ નહિ, સાચે રસ્તે આવવાથી મહાન્ લાભ તો અવશ્ય થાય છે.

❀ ❀ ❀

બીજાના સમર્થનની ખાતર તેની સંમતિ ન માગો. ભૂલચુક બતાવવા માટે જ તેનો મત પૂછો અને કોઇ ભૂલ બતાવે તો તેના પર વિચાર કરો અને અને તેનો ઉપકાર માનો. આપણામાં દેખાતી હોય એવી કોઇ ભૂલ બતાવે તો પણ તેમાં શંકા ન લાવો. હૃદયમાં ઉંડા ઉતરી વિચાર કરતાં ક્યાંક છુપાયેલી માલુમ પડશે. કદાચ ન મળે તો પણ તેની કૃપા માનો કે તેણે તમારી ભૂલ સુધારવા માટે પોતાનો સમય ગુમાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા મત પ્રમાણે કોઇ ન ચાલે તો તેની ઘૃણા ન કરો. તમારા મત પ્રમાણે ન કરવાથી તેને કાંઇ નુકશાન થયું હોય તો પણ તેને તેમ ન કહેવું કે મારા મત પ્રમાણે ન ચાલવાનું ફળ તમને મળ્યું છે. તેને પ્રેમથી મળો, તેને વખત આવ્યે યોગ્ય સલાહ આપો અને સારા માર્ગે ચલાવવાનો યત્ન કરો.

કોઇ માણસમાં અમુક દોષ જોઇને મનમાં એવો નિશ્ચય ન કરી બેસો કે એ માણસ તો બહુ ખરાબ છે. સંભવ છે કે દોષ જોવામાં તમે ભૂલ કરી હોય અથવા અમુક પરિસ્થિતિમાં મૂકાવાથી તેનાથી તે દોષ થઇ ગયો હોય. સારા-ખરાબ ગુણો સૌમાં હોય છે. તેના સારા ગુણો જોઇને તેનાપર પ્રેમ રાખો.

ખરેખરો દોષ જોવા છતાં પણ કોઈનું અપમાન ન કરો અથવા તેના પર ક્રોધ કરીને દોષ કાઢવાની કોશીશ ન કરો. કોઇવાર તમારા અપમાન અથવા ક્રોધને લઇને તેની દૂષિત વૃત્તિ દબાઇ જશે, પરંતુ તે વૃત્તિનો નાશ નહિ થાય. તમે કરેલું અપમાન અથવા ક્રોધ તેના મનમાં રહેશે અને જો તે ભૂલમાં પડી ગયો તો પોતાના દોષનો પશ્ચાત્તાપ ન કરતાં તમારા અપમાન અથવા ક્રોધનો બદલો લેવાની તેને ધુન લાગશે. આથી તેનામાં નવા દોષ પેદા થશે અને તેની દ્વેષયુક્ત ચેષ્ટાથી ભડકીને તમે પણ વધારે ક્રોધી અને હિંસક બની જશો. કોઇનો દોષ જડમૂળથી કાઢવો હોય તો તેને પ્રિય બનીને, તેની સેવા કરીને તેના મનપર અધિકાર જમાવો અને પછી તેને સમજાવો. એનાથી સફળતા મોડી તો મળશે, પણ જરૂર મળશે અને સ્થાયી મળશે. યાદ રાખો રાજ્ય, સમાજ તેમજ વ્યક્તિઓએ શિક્ષા કરી કરીને અપરાધીઓની સંખ્યા વધારી દીધી છે. જેઓ પોતે દોષ કરે છે અને રાગ-દ્વેષને વશ થઇને ખરેખરા દોષનો નિર્ણય નથી કરી શકતા તેઓને બીજાના દોષ જોવાનો અને શિક્ષા કરવાનો કશો પણ અધિકાર નથી.

એક વાતનો હમેશાં ખ્યાલ રાખો. પોતાના પુત્ર, ભાઈ, સેવક અથવા કોઈ આપણાથી નીચી પદવી કે સ્થિતિવાળાનું બીજાની સમક્ષ અપમાન ન કરો. કોઇ પણ માણસ પોતાનું અપમાન સહન કરવા નથી ચ્હાતો. અપમાનિત મનુષ્ય ભલે બોલી ન શકે, પરંતુ તેના દિલમાં ભારે દુઃખ થાય છે અને પોતાનું અપમાન કરનાર પર ખરાબ ભાવના પેદા થાય છે. એથી કોઇને સાવધાન કરવા માટે કંઈ કહેવું હોય તો તે એકાન્તમાં ન કહો અને તે પણ બને ત્યાં સુધી સહાનુભૂતિ તથા પ્રેમની ભાષામાં જ કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે તમારી નજરે કોઇને દોષ કરતાં જુઓ અને તમે તે દોષ જોઇ ગયા છો તેમ તે જાણી જાય તો પછી તેને બીજું કાંઇ ન કહો. તે પોતે શરમાઇ જશે.

જેવી રીતે પોતાના લાભ–હાનિનો ખ્યાલ રાખતા હો તેવી જ રીતે બીજાના હાનિ–લાભનું પણ ધ્યાન રાખો. કોઇને ત્યાંથી માગી લાવેલી વસ્તુ ખરાબ ન થઇ જાય તથા આપણું કામ થઇ રહ્યા પછી તે ચીજ તેને બરાબર પહોંચી જાય એ વાતની વિશેષ ચિંતા રાખો. નહિ તો એને દુઃખ થશે અને તે પોતાની ચીજો બીજાને આપવાનું બંધ કરશે. જેવી રીતે બીજાની ચીજો માગી લાવો તેમ પોતાની ચીજો બીજાને આપવામાં કદિ પણ સંકોચ ન કરો. બની શકે ત્યાં સુધી કોઇની પણ ચીજ માગ્યા વીના તમારૂં કામ ચલાવો.

દુઃખી–ગરીબ ભાઈ–બ્હેનોની સાથે વિશેષ પ્રેમ તથા સરળતાથી વર્તવાનું રાખો. એની સેવા કરવામાં એવો વિચાર ન કરો તેમ એના તરફ એવું પ્રકટ પણ ન થવા દો કે તમે બહુ મોટા માણસ છો. તમે બહુ સમર્થ પુરૂષ છો કે તમે તેના પર ઉપકાર કરી રહ્યા છો. ગરીબ ભાઈ–બ્હેનોની કદિ કોઇ સેવા તમારાથી થઇ જાય તેને કદિ પણ ભૂલ–ચુકે તેનું સ્મરણ ન કરાવો. ઉલ્ટો મનમાં જ ઉપકાર માનો કે તેઓએ તમારી સેવા સ્વીકારી; પરંતુ એ કૃતજ્ઞતાને પણ તમારા મનમાં જ રાખો. તેને પ્રકટ ન કરો. નહિ તો એ તેમ સમજશે કે તમે તેને ઉપકારની યાદી આપી રહ્યા છો. તેનાથી તેને સંકોચ થશે તેમજ તે પોતાની ગરીબી યાદ કરીને દુઃખી થશે. જે ગણત્રી ખાતર કોઇને સહાય કરે છે તે તો તેને બાળવા ખાતર આગ સળગાવે છે, તેનો પરિતાપ મટાડવા માટે નહિ.

ગરીબ–દુઃખી ભાઇ–બ્હેનોને મદદ અથવા સેવા કરવા ઇચ્છતા હો તો તે અત્યન્ત ગુપ્ત રીતે જ કરો, બની શકે તો તેને પણ ખબર પડવા ન દો. સેવા કરીને હંમેશને માટે ભૂલ જાય અને તમે કદિ કશું કર્યું જ નથી તેમ જ માનો.

જેમ આપણને આપણા સમયનું ધ્યાન રહે છે તેમ બીજાના સમયનું પણ ધ્યાન રાખો. કોઇ પણ સારા માણસની પાસે કામ વગર જઇને ન બેસો. શિષ્ટાચાર રૂપે અથવા કોઇ કામપ્રસંગે ગયા હોતો પોતાનું કામ થઇ રહેતાં તુરત જ ત્યાંથી ઉઠી જાઓ.

જરૂર વગર બેસીને તેને સંકોચમાં ન નાખો. જો તેની પાસે કોઇ બીજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ બેઠો હોય તો આપણી વાતચીત જલ્દી પૂરી કરી લેવી કે જેથી બીજાને પણ વાત કરવાનો સમય મળે.

બે માણસ વાત કરતા હોય તો તેની વાત સાંભળવાનું મન ન કરો. તમારા ત્યાં રહેવાથી તેઓને સંકોચ રહેતો હોય તો તમે ત્યાંથી ખસી જાઓ. પછીથી પણ તેને તે વાત ન પૂછો. તેની કોઇ છાની વાત હોય તો તમારા આગ્રહથી તેને સંકોચમાં પડવું પડશે અથવા તે છુપાવવા માટે જુઠું બોલવું પડશે જેનાથી વધારે નુકશાન થાય છે.

વિપત્તિ સમયે કોઈની સહાય લેવાની જરૂર જણાય અને તે ખુશીથી આપે તો કૃતજ્ઞ બનીને તેનો સ્વીકાર કરો, પરંતુ અયોગ્ય લાભ ન ઉઠાવો. કોઈ માણસ દયાળુ હોય, તેણે તમને સહાય કરી હોય તો પછી વારંવાર તમારૂં દુઃખ સંભળાવી હેરાન ન કરો.

કોઇ પણ માણસની સાથે વાત કરતી વખતે પ્રથમ તેની વાત સાંભળો. દુઃખની વાત તો વધારે ધ્યાનથી સાંભળો. તમારી દૃષ્ટિએ તે દુઃખ નજીવું લાગતું હોય તો પણ તેની દૃષ્ટિમાં તો તે પર્વત જેવડું મહાન્ છે. તેને સાંત્વન આપો, સમજાવો, બની શકે તો સહાય કરો પરંતુ કડક વર્તન ન કરો. ખાસ કરીને ગરીબની વાત સાંભળવામાં તો કદિ ભૂલે-ચુકે પણ કડકાઇથી કામ ન લ્યો. તેની સાથે એવો વર્તાવ કરો કે જેનાથી તે સંકોચ અને ભય છોડીને તેનું દુઃખ તમોને સ્હેલાઇથી સંભળાવી શકે અને તમને તેનો સ્નેહી સમજવા લાગે.

બીજાની સાથે વાત કરતી વખતે તમારી અંગત વાત ન કરો અથવા તમારી કે તમારા સંબંધીઓની પ્રશંસા ન કરો. તમારા સંબંધી વાત સાંભળવામાં તેને તેટલો રસ નથી આવતો જેટલો તેને પોતાની વાત સાંભળવામાં આવે છે. તમે એની વાત સાંભળો અને તેની સાથે એવી પ્રિય વાત કરો કે જેથી એને સુખ મળે અને તેના હૃદયમાં તમારા પ્રત્યે પ્રેમ તથા સૌહાર્દ ઉપજે.

વાત કરનારની વચમાં બોલીને તેની વાતની સાંકળ ન તોડો, તેમજ કોઇને કાંઇ કહેતી વખતે વચમાં તેની વાતનું ખંડન પણ ન કરો. વગર બોલ્યે કામ ચાલે તો ઘણી જ સારી વાત. ખંડન કરવાની જરૂરત હોય તો પાછળથી શાંતિ તથા આદરપૂર્વક નમ્રપણે તમારી વાત કહો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરુજીની ઉપાસના

શ્રાવકવર્ગના આવશ્યક ષટ્કર્મોમાં આનું સ્થાન બીજે નંબરે આવે છે. પ્રત્યેક દર્શનકારોએ ગુરુસેવા પર ઓછુંવત્તું વજન મૂકેલું છે. કોઇએ 'ગુરૂપાસ્તિ'ના નામે તો કોઇએ 'સંત સમાગમ' રૂપે અથવા તો બીજાએ 'સાધુ–ભક્તિ' અને ત્રીજાએ વળી 'મુનિસુશ્રૂષા' નામે એક યા અન્યરૂપે ભક્તિ વા ઉપાસના કરવાના માર્ગો દાખવ્યાં છે. વિચારતાં આ વાત વાસ્તવિક પણ જણાય છે; કેમકે ગુરુ વિના દેવની પિછાન કે ધર્મનું જ્ઞાન કોણ કરાવી શકે તેમ છે? દેવ–ગુરુ ને ધર્મરૂપ ત્રણ તત્ત્વોમાં ગુરુ તત્ત્વ જ એવું છે કે જે આમવર્ગમાં–જીજ્ઞાસુ સમાજમાં–દેવત્વ સંબંધે સાચા સન્દેશ વહેવડાવી શકે, અંધશ્રદ્ધાના ઝભા નીચે દેવ–દેવીના નામે ચાલી રહેલાં વહેમ–વાદળોને વિખેરી શકે અને ધર્મનું સાચું રહસ્ય કેવા પ્રકારનું છે તે સહસ્રરશ્મિના પ્રકાશસમ સ્પષ્ટતાથી દર્શાવી શકે; તેથી તો એક સ્થળે લખાયું છે કે—'ગુરૂ દીવો, ગુરૂ દેવતા..........'

પણ ગુરુ સંબંધી શોધ સ્હેલી નથી! આજે જે સ્થિતિ પ્રવર્તી રહી છે એમાં ઉપકારી સંતનો લાભ થવો એ તો સહરાના રણમાં લીલી ફળદ્રુપ જગ્યાના દર્શન થયા જેવું ગણાય. આજની સાધુતાના અંચલા હેઠળ જે કાલિમા–ગર્વિષ્ટપણું અને માનની ભૂખ ખડકાઇ છે, ત્યાં સાચી ગુરૂતા સંભવે પણ કયાંથી? અને શોધવા માંડીએ તો લાભી પણ કેમ શકે?

શાસ્ત્રગ્રંથોમાં ગુરૂ કે સાધુ સંબંધી અધિકાર માનતાં જે જે લક્ષણો બતાવવામાં આવ્યા છે ત્યાં 'મુમુક્ષુ' પદ પર ખાસ વજન મૂકવામાં આવ્યું છે. આમાં ખાસ હેતુ સમાયેલો છે. જેઓ ઐહિક સુખના કામી હોય, કિંવા દુન્યવી માન-પાનના પિપાસુ હોય, અથવા તો થોડા કામના આડંબરમાં ગુરુતાના મૂલ્ય અંકાવનારા હોય. ત્યાં 'મુમુક્ષુપણું' સંભવે કેવી રીતે? એવા સાધુને તો 'પત્થરની નાવ' તરિકે ઉપમા અપાઇ છે કે જે નાવ પોતે તરવા સમર્થ તો નથી જ પણ કદાચ સાગરમાં તરવા સારૂ એનો ઉપયોગ કરવા કોઇ ઇચ્છે તો તેને પણ પહેલી તકે બુડાડે તેમ છે! મુનિઓને શ્રીમદ્ આનંદઘનજી મહારાજ તો 'ભવજળનિધિ નાવ'ની ઉપમા આપે છે અને સારા સાધુ અવશ્ય કાષ્ટની નાવ માફક જાતે તરે છે અને આશ્રય લેનારને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવશ્ય તારે છે, તો પછી સંતને પારખવાનું કંઇ લક્ષણ ખરૂં ? જરૂર લક્ષણો તો ઘણા ઘણા છે. જૈન દર્શનમાં પ્રત્યેક કાર્ય સમજપૂર્વક આચરવાનું કહ્યું છે એટલે પરીક્ષા કરીને જ પગ માંડવો વ્યાજબી છે. પંચમહાવ્રતધારી-કંચન-કામિનીના ત્યાગી દશવિધ યતિધર્મના ધારક આદિ કેટલાય લક્ષણો છે. વળી ઉક્તિઓ પણ છે કે—

સાધુ નામ તો સાધે કાયા, પાસે ન રાખે કોડીની માયા;
લેવે એક, દેવે નહીં, ઉસકા નામ સાધુ કહો.

વિશેષ ઉંડાણુમાં ન ઉતરીએ તો એક વિદ્વાનની નિમ્ન વ્યાખ્યામાં પણ ઠીક સૂચના સમાઇ છે.

સ્વરૂપ સ્થિત ઇચ્છા રહિત, વિચરે પૂર્વ પ્રયાગ,
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરૂ લક્ષણયોગ.

આત્મકલ્યાણના અભિલાષિયો ઉપરોક્ત લક્ષણોરૂપી કાંટો હસ્તમાં ધારણ કરી સંતની શોધમાં દત્તચિત્ત થવું ઘટે. એટલું યાદ રાખવું કે શ્રદ્ધાના અવલંબન વગર તો કામ ચાલવાનું નથી. કેટલાય એવા વિષયો છે કે જ્યાં બુદ્ધિરૂપી પ્રકાશ ઝાંખો બની જાય છે, અથવા તો બુદ્ધિની મર્યાદા આવી જાય છે અને તે વેળા શ્રદ્ધારૂપ મશાલ સળગાવ્યા વિના આગળ ગતિ અસંભવિત બને છે. એટલે કે ત્યાંથી જ શ્રદ્ધાનું ક્ષેત્ર શરૂ થાય છે. જ્યારે સ્થિતિ આવી છે ત્યારે શ્રદ્ધા કોના વચનમાં મૂકવી એ સવાલ ઉપસ્થિત થાય છે. એનો નિર્ણય કરતી વેળા અનુભવી-જ્ઞાની ગુરુની સ્હાય જરૂરની છે. તો જ યથાર્થ નિર્ણય શકય છે, માટે જ સાધુતાનું સ્વરૂપ સમજાવનાર ઉપરના કથનને જરા વિગતવાર અવલોકીએ.

સ્વરૂપ સ્થિત અર્થાત્ સ્વાત્મભાવમાં રમણતા એ પ્રથમ લક્ષણ.

ઇચ્છા અથવા તો અભિલાષાનો ત્યાગ એ બીજું.

જ્યારે ત્રીજા ચિન્હ તરિકે 'વિચરે પૂર્વ પ્રયોગ' એમ જે કહેવામાં આવ્યું છે તેથી એમ સમજવાનું છે. એની પ્રત્યેક કરણીમાં માત્ર સત્તામાં રહેલાં કિંવા ઉદયમાં આવેલાં કર્મોને સમતાપૂર્વક ખપાવવાનો જ ભાવ રમતો હોય; નવો બંધ વૃદ્ધિ પામે તેવું એક પણ કૃત્ય તે ન આદરે.

અપૂર્વવાણી એ ચોથો ગુણ. અને સાથે જ સંતની વાણી એવી તો મીઠાશ ભરી હોવી જોઇએ કે જે મીઠા ઇક્ષુરસની યાદ આપે. જ્યાં કષાયપર કાબૂ અવી ગયો હોય ત્યાં વચનકટુતા કેવી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જયંતિનો બોધપાઠ.

ચક્ષુ સામે જેના ચારે કાંઠા સુંદર દેવકુલિકાઓથી શોભી રહેલ છે અને જેમાં અમૃતસમ સ્વચ્છ ને સ્વાદુ સલિલ છલકાઈ રહેલું છે એવું સુંદર સરોવર જોતાં કયા આત્માને એનું પાન કરવાનું મન ન થાય ?

અરે ! ભારોભાર ફળોથી લચી પડેલા ને વિવિધવર્ણી સુંદર પુષ્પોથી બહેકી રહેલા અને અગણિત વૃક્ષો જ્યાં આવેલાં છે એવા રમ્ય ઉદ્યાનમાં, મધ્યાન્હ સમયે સહસ્રરશ્મિના તીવ્ર કિરણોથી જેના ગાત્ર શિથિલ બન્યા છે અને વિશ્રાન્તિ માટે જેની આંખો ચોગરદમ ફરી રહી છે એવા પથિકને ઘડીભર વિસામો લેવાનું મન ન થાય એ સંભવે છે ખરૂં ?

જેમ ઉપરોક્ત પ્રસંગમાં ભાગ્યે જ કોઇ એવો અભાગી જન જડી આવે કે જે 'તળાવે જઇ તરસ્યો આવ્યાની' ઉક્તિને સાર્થક બનાવે, તેમ ચૈત્ર શુકલ ત્રયોદશી જેવા પૂનિત દિને એવો તો કોણ પ્રમાદી હોય કે જે શક્તિ અનુસાર પ્રભુશ્રીના જીવનમાં સ્વજીહ્વા બોલવાનો યત્ન ન સેવે ?

જૈન સમાજની આંખો સામે, એ ભગવાનનું આખુંયે જીવન જો યથાર્થ રીતે વિચારવામાં આવે તો અમૃત જળથી ભરેલા સરોવર કરતાં અધિક છે.

---

પરમશ્રુત—એ પાંચમું લક્ષણ સ્પષ્ટ સૂચવે છે કે જ્ઞાન વિના ગુરુતા સંભવી શકતી જ નથી. જ્ઞાનધ્યાનપરાયણતા સાધુ જીવનની અનેરી મોજ છે. જેમ લૂણ વગરના ભોજનની નિરસતા ઉડીને આંખે વળગે છે તેમ જ્ઞાનવિહુણી સાધુતા પણ તરત પરખાઇ આવે છે. એ ગુણ વગર સ્વાર્થ તેમજ પરમાર્થ સાધી શકાતો નથી. વળી અહીં તો પરમશ્રુત જણાવ્યું છે એટલે જ્ઞાનાભ્યાસ એવી રીતે નિયામત ને પ્રગતિકારી બનાવવાનો છે કે જેથી ઉત્કૃષ્ટકક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય.

આમ પાંચ ચિન્હોવડે સત્સંગનો ઇચ્છુક સાચા સંતનો યોગ સાધી શકે છે. આત્મશ્રેયનો અર્થી અન્ય પ્રકારના સાધુઓ પ્રત્યે ઘૃણા ન ધરાવે છતાં એની સાચી તાલાવેલીનો તો ઉક્ત ગુણધારી સાથે જ સંભવી શકે.

લેખક:—ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાનકાળે સારોય જૈન સમાજ મધ્યાન્હના તાપ કરતાં પણ જેની ગરમી વધી જાય એવા કલહાગ્નિની ભીષણ ભઠ્ઠીમાં બળી રહેલ છે. એને શાંતિ આપે તેવું અપૂર્વ ઉદ્યાન એ મહાપ્રભુનું જીવન છે, છતાં અફસોસની વાત છે કે આજે ઘર આંગણે ઉગી નીકળેલ આ કલ્પવૃક્ષનો લાભ કોણ ઉઠાવે છે ? જગત આજે એ મહાન્ સંતના સંદેશને ઝીલવા આતુર બન્યું છે, એનું પાન કરવા તૃષાતુર થયું છે, દિનરાત એ મેળવવા તલપી રહ્યું છે પણ એ આશા પૂરવાની દરકાર કોને છે ? જેમના હાથમાં એ મહાપુરૂષની અમોઘ વાણીના ભંડારની ચાવીઓ છે તેઓ તો આજે તેમના નામે સાઠમારીઓ ખેલી રહ્યા છે ' સવી જીવ કરૂં શાસનરસી ' એવી વાણી મુખેથી પોકારતાં છતાં આજે શાસનના રસીઆ બનાવવાને બદલે કેટલાયને પરાંઙ્મુખ બનાવી મૂકયા છે એનો ખ્યાલ પણ તેમને કયાં છે ?

આવી વિષમ અવસ્થામાં પણ રંચમાત્ર મુંઝાયા વગર ઓ સાચા જૈન યુવક ! ત્હારી ફરજ એટલી જ છે કે એ પયગંબરના સંદેશને સ્વજીવનમાં ઉતારવાની કોશીશ કરી યથાશક્તિ તેનો પ્રચાર કરવો.

પરમાત્માશ્રી મહાવીર દેવના જીવનમાંથી એક જ પ્રસંગ ઉચકીએ અને તે વિનય સંબંધી તો એમાંથી કેટલું જાણવાનું પ્રાપ્ત થાય છે ? માતાની ભક્તિ માટે અમૂલ્ય સંયમને આઘે ઠેલનાર આ મહાત્મા વડીલ ભ્રાતા નંદિવર્ધનનો વિનય સાચવવામાં જરા પણ ખામી નથી રાખતાં. એમનાં મોહ ભર્યો વચનોથી બીજા બે વર્ષનો ભોગ આપી આત્મકલ્યાણને દૂર ધકેલે છે. વસ્તુતઃ વિચારીએ તો આવા અજોડ વિનયથી આત્મ કલ્યાણ દૂર નથી લઇ જતાં પણ નજીક આણે છે કેમકે વસ્તીમાં અગર તો જંગલમાં સાધના કરનાર આત્મા તો પોતાનો જ હતો એનું તેઓશ્રીને સચોટ ભાન થયેલું છે; તેથી તો વર્જનીય સ્નેહથી જેના ચક્ષુ લેપાયલા છે એવા બંધુનું કથન પણ તેઓએ અપનાવી લીધું છે.

આટલી નાની શી બાબત સમજાય તો આજે પહાડરૂપ થઇ પડેલા દીક્ષા સંબંધી ઝઘડા હોય ખરા ? એ સારૂ સંઘમાં દિ ઉગ્યે આગના અવનવા તણખા ભભૂકે પણ ખરા ? સંઘ જો એ વાત હાથમાં લે તો કાયદાની ઇચ્છા પણ કોણ કરે ? દીક્ષાના ઉમેદવારોને અનુભવ મળે, જ્ઞાનપ્રાપ્તિનો સુંદર યોગ સાંપડે, વૈરાગ્ય સાચો છે કે ઉપરછલ્લો છે તેનું માપ નિકળે ! ત્રણ સો વર્ષ પૂર્વે જેમ રજપુતાનાની રમણીઓ હાથના મીંઢળ પણ પૂરા છુટયા ન હોય છતાં સમરાંગણમાં સ્વપતિને સીધાવતા જરા પણ મુખ મચકોડતી નહિં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને કહેતી કે રણમાં પ્રાણાર્પણ કરી સ્વદેશની કીર્તિ ઉજ્વળ રાખજો પણ પીઠ ફેરવી પાછી પાની હરગીજ ન કરશો તેમ જો જૈન સમાજના નારીગણમાં આજે સાચા જ્ઞાનરશ્મિ પ્રસારવામાં આવે તો તે શું સ્વધર્મ માટે, આત્મકલ્યાણ નિમિત્તે સ્વસંતાનોને બહાર પડતાં જોઇ આજની માફક કલ્પાંત કરવા તૈયાર થાય ખરા ? આજે અંતરમાં ઠાંસી ઠાંસીને મોહ ભર્યો છે તેને લઇને તો દીક્ષાનું નામ શ્રવણ કરતાં ગાત્ર ગળવા માંડે છે. જ્યાં આટલો મોહ હોય ત્યાં નાસભાગ જરૂર નિંદ્ય ગણાય. પ્રભુશ્રી જેવાના માતાપિતા અત્યારના માતાપિતા કરતાં ઘણા દરજ્જે ચઢીઆતા ગણાય. પોતાનો પુત્ર તીર્થંકર થનાર છે એવું તેઓ જાણતા હતા છતાં જો તેમનો મોહ ન છુટ્યો ને પ્રભુશ્રીને ઉપર વર્ણવ્યો તેવો ઇલાજ કરવો પડયો તો તે કરતાં પણ વધારે ધીરજ રાખી ઇલાજ શોધવાની અત્યારના દીક્ષિત થનારાઓની ફરજ ખરીજને ? જો ભાવના હૃદયની જ હશે તો આ જગતમાં કોઇનામાં પણ એવી શક્તિ નથી કે જે એ સામે અટકાવ મેલી શકે. હા, થોડો વિલંબ તો થાય જ પણ એથી આત્મકલ્યાણના પથિકને ડરવાનું ન જ હોય.

અઠ્ઠમની ભાવના જો સાચી જ હતી તો નાગકેતુના ભવમાંએ ઉદય આવી તેમ જો સંયમની સાચી ભાવના હશે તો કદાચ માતાપિતાની ભક્તિ ખાતર આ ભવમાં રોકાણ થવાથી, અને અચાનક મૃત્યુ પામવાથી તે ન બને પણ આવતા ભવમાં ઉદય આપ્યા વિના રહેનાર નથી જ.

પ્રભુશ્રીના જીવનમાંથી જો આ તકે આટલો વિનયભક્તિ સંબંધી બોધપાઠ ગ્રહણ કરાય તો સમાજમાં કેવી શાંતિ પથરાય ? લે૦ ચોકસી.

## ધન્યવાદ.

આ સભા તરફથી દર વર્ષે જેઠ શુદ ૮ ના રોજ પવિત્ર શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ શ્રી ન્યાયાંભોનિધિશ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજની જયંતી ઉજવી ગુરૂ ભક્તિ કરવામાં આવે છે, આ વર્ષ માટે તેવી રીતે આ વખતે ગુરૂ ભક્તિનો ખાસ લાભ લેવા માટે શ્રીયુત મણીલાલભાઇ મોતીલાલમુળજીભાઇ રાધનપુર નિવાસીએ કુલ ખર્ચ આપવાનું સભાને જણાવેલ હોવાથી તેઓશ્રીને ધન્યવાદ આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વીકાર—પુસ્તકપહોંચ.

૧ **શ્રી ભક્તામરસ્તોત્રમ્**—શ્રી ગુણાકારસૂરિટીકાયુક્ત પ્રતાકારે શાસ્ત્રી ટાઇપમાં સારા કાગળો ઉપર પ્રગટ થયેલ છે.

૨ **દ્વાદશકુલક**—ઉપર પ્રમાણે શાસ્ત્રી ટાઇપમાં શ્રીજિનદત્તસૂરિજ્ઞાન ભંડાર સુરત તરફથી આ બંને શ્રીમાન્ કૃપાચંદ્રજીસૂરિશ્વરજી મહારાજના ઉપદેશથી મૂળચંદ સૌભાગ્યમલની આર્થીક સહાય વડે પ્રગટ થયેલ છે. શ્રીમાન્ પ્રવર્ત્તકજી મુનિશ્રી સુખસાગરજી મહારાજે શુદ્ધ રીતે સંશોધન કરેલ છે, તે બંને પ્રતો સંસ્કૃતના અભ્યાસીઓ માટે સરલ અને ઉપદેશક છે. પ્રકાશકના ફંડ ખાતાનો આ ૩૬ તથા ૩૭ મો ગ્રંથ છે.

૩ **જૈન** સાહીત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ સચિત્ર—શ્રીયુત મોહનલાલ દલીચંદ બી. એ. એલ એલ. બી. તરફથી.

૪ પઉમચરિયમ—એ. સી. ઉપાધ્યાય બી. એ પ્રકાશક આર. પી. કોઠારી એન્ડ કુ. ( બંને ગ્રંથોની સમાલોચના હવે પછી )

## ભાઇ છગનલાલ ફુઉનો સ્વર્ગવાસ.

સુમારે સડસઠ વર્ષની ઉમરે માત્ર બે દિવસની સામાન્ય બિમારી ભોગવી ભાઇ છગનલાલ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે માયાળુ, શાંત અને મિલનસાર હતા. સાથે ધર્મ શ્રદ્ધાળુ હતા, આ સભા ઉપર સંપૂર્ણ પ્રેમ ધરાવતા હોવાથી ઘણા વખતથી સભાસદ હતા. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन श्वेताम्बर समाज से अपील.

## भूकम्पद्वारा क्षतिग्रस्त

## तीर्थस्थानों के संस्कार में साहाय्यार्थ.

ता० १५ जनवरी १९३४ के भूकम्पने बिहार प्रान्तके बड़े २ शहरोंको धराशायी कर कर दिया जिससे सैंकड़ों ही नहीं, हजारों जाने गई और जनता को करोडों का नुकसान उठाना पडा।

श्री श्वेताम्बर जैन समाजके अनेक पवित्र तीर्थ बिहार प्रान्तमें है। उन्हें भी इस भूकम्पसे बहुत हानि पहुंची है। वहांके मन्दिरों और धर्म्मशालाओंकी अत्यधिक क्षति हुई है।

श्री राजगृहके मन्दिरमें इतना भारी नुकशान हुवा है कि उसकी मरम्मत सम्भव नहीं। वहांकी धर्मशालाकी दुसरी मंजिल प्रायः धराशायी हो गई और जो हिस्सा खडा है वह निवासयोग्य नहीं है।

श्री चम्पापुरीमें एक मन्दिरकी दुसरी मंजिल और शिखर बिलकुल गिर गया है और नीचेकि मझिलकी दीवारें बहुत फट गई है; दूसरे मन्दिरके ऊपरकी मजिलमें चौमुखजीकी दीवार बहुत फट गई है। नीचे भी नुकशान पहुंचा है। धर्मशालामें दूसरी माझिल प्रायः सब गिर गई है और नीचे भी काफी नुकसान हुआ है।

श्री पावापुरीमें यद्यपि जलमन्दिर सुरक्षित है, गांव मन्दिरमें चरणोंके ऊपरकी छतरी गिर गई है और मन्दिरके शिखर और दिवारोंको भी नुकसान पहुंचा है; शिखरका कुछ भाग गिर भी गया है। नौरतन धर्मशालाका कुछ भाग गिर गया है, दूसरी धर्मशालाको भी नुकसान पहुँचा है।

इसी प्रकार लछवाड, क्षत्रीकुंड, काकंदी, कुण्डलपुर, गुणायाजी और श्री सम्मेतशिखरजी आदि में भी हानि हुई है।

इन मन्दिरों और धर्मशालाओं के मरम्मत में लाखों रुपयों की आवश्यकता होगी। बरसातका मौसम आ रहा है जिससे यदि शीघ्र मरम्मत नहीं की जायगी तो क्षति और भी बढ जायगी। इसी लिये कलकत्ते में श्रीसंघने इस कार्यके लिये एक कमिटी नियत की गई है। उसी कमिटी की ओर से समस्त श्वेताम्बर जैनबन्धुओं से, संस्थाओं से, मन्दिरों और तीर्थों के ट्रस्टियों, प्रबन्धको इत्यादि से नगरों और गावों के श्रीसघों से यह अपील की जाति है कि मन्दिरों के जीर्णोद्धार और धर्मशालाओं की मरम्मत इत्यादि के पुण्यकार्य में जी खोल कर सहयोग दें। बिहार (मगधदेश) की पुण्यभूमि के वे तीर्थस्थान जिस में २५०० वर्ष पहिले भगवान विचरे थे और जिन के वे स्मृतिचिन्ह हैं, जहां आज भी समस्त भारतवर्ष से हजारो श्रद्धालु यात्री प्रतिवर्ष यात्रानिमित्त आते हैं,—आज क्षतिग्रस्त है। क्या शीघ्र से शीघ्र श्वेताम्बर जैन समाज इन को क्षतिमुक्त न करेगा?। हमें पुरा विश्वास है कि जैन बन्धुओं को अधिक कहने की आवश्यकता नही हैं। जन समाज में धन की कमी नही है, और वह धन तीर्थस्थानों के जीर्णोद्धार के लिये आने में देर हो—यह हो नहीं सकता।

११६ लोअर, सर्क्युलर रोड
कलकत्ता.

बहादुरसिंहजी सिंघी।
मंत्री—श्रीजैन श्वे० तीर्थभूकम्पजी० कमिटि।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. ચૈત્ર આત્મ સં. ૩૮. અંક ૯ મો.

## જૈનોની કલા પ્રિયતા

"આબુના દહેરાં એ હિંદનો અણમૂલ વારસો. તાજમહેલ જો દુનિયામાં સાત આશ્ચર્ય પૈકીનું એક હોય તો આબુનાં દહેરાં દુનિયાનું પ્રથમ આશ્ચર્ય બેધડક કહી શકાય. પાષાણને સજીવ જોવાની ઇચ્છા હોય અને આરસને વાચા આવેલી સાંભળવી હોય તો આબુનાં દહેરાં જ દુનિયાનું એકાકી અને અચુક સ્થળ છે. ગુર્જર સ્થાપત્યની પૂર્ણતા એ આ દહેરાં તેનાં સ્તંભો, તેની મહળો, તેના ઘુમટો એમ દરેક ભાગ અર્થગંભીર અને સ્થાપત્ય પૂર્ણ છે. આખી કૃતિ કલામય છે. નકશી કામ ઉંચા પ્રકારનું સંયમશીલ, સુમેળ, તેની ધાર–કોર તીખી અને ચોખ્ખી, સુપ્રમાણ અને નખશિખ અણિશુદ્ધ, જાણે સોની સોના ઉપર નકશી કામ કરતો હોય તેમ ગુજરાતનો સલાટ–કલાધર આરસ કોતરતો હતો. પર્વતને મથાળે જબરદસ્ત પત્થરો માઇલોના અંતરેથી લાવી લાવી કલાકૃતિ કરવી એટલે તે ધૈર્ય અને અર્પણ ભાવની મૂર્તિ બની જાય છે."

શ્રી વીરેન્દ્રરાય મહેતા

For Private And Personal Use Only